# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# UCC MEET

રાજ્યમાં સમાન નાગરિક સંહિતાની જરૂરિયાત ચકાસવા રચાયેલી યુસીસી સમિતિની આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે બેઠક યોજાઇ. બેઠક બાદ સમિતિના વડા રંજના દેસાઈએ જણાવ્યુ કે UCCની જરૂરિયાત ચકાસવા હવે વધારે સમયની જરૂર નથી. જોકે સમિતિ એકાદ માહિનામાં પોતાનો અહેવાલ મુખ્યમંત્રીને સુપરત કરી શકે છે. અત્યાર સુધી યોજાયેલી તમામ બેઠકના હિસાબી રખાયા હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું.

(બાઇટ: રંજના દેસાઇ, ચેરમેન, UCC સમિતિ)

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં યુસીસીની જરૂરિયાતને ચકાસવા રાજ્ય સરકારે નિવૃત ન્યાયમૂર્તિ રંજના દેસાઈની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી છે. જેમાં નિવૃત્ત વરિષ્ઠ સનદી અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતા શ્રોફનો સમાવેશ કરાયો હતો.

. . . . . . . . . . .

# ABHIRAKSHAK

ગંભીર માર્ગ અકસ્માતો સર્જાય ત્યારે ‘ગોલ્ડન અવર્સ’માં ઇજાગ્રસ્તોને બચાવવા વિશેષ પ્રકારના વાહન ‘અભિરક્ષક’ને રાજ્ય પોલીસ દળમાં જોડવામાં આવ્યા છે. આધુનિક ટેક્નોલોજીથી સજ્જ વિશેષ હેતુ માટેના 'અભિરક્ષક'ને પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય અને સુરત ગ્રામ્ય જિલ્લામાં તૈનાત કરાયા છે. આ વાહનમાં મેટલ કટર, ગ્લાસ કટર,

બોલ્ટ કટર, ટેલિસ્કોપિક લેડર, સ્ટ્રેચર, જનરેટર, હેવી વેઇટ લિફ્ટ કરી શકે તેવી વીંચ અને ઓક્સિજન બોટલ સહિત 32થી વધુ બચાવ સાધનોનો સમાવેશ કરાયો છે.

અભિરક્ષક વાહનો ખાસ કરીને માર્ગ અકસ્માતોના ઘટનાસ્થળે સૌથી પહેલાં પહોંચીને તાત્કાલિક સહાય પૂરી પાડશે અને "ગોલ્ડન અવર્સ" દરમિયાન ઈજાગ્રસ્તોને બચાવી તેઓને નજીકની હોસ્પિટલ સુધી પહોંચાડશે.

. . . . . . . . . . .

# RUSHIKESH PATEL MEDICINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરના હેલિપેડ મેદાન ખાતે દેશની સૌથી વિશાળ ફાર્મા એૅન્ડ લૅબ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું. દરમિયાન આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં નકલી દવાઓ પકડવા મામલે અને રાજકોટ તથા વડોદરાની પ્રયોગશાળામાં ઉપયોગમાં ન લેવાતા યંત્રો અંગે નિવેદન આપ્યું. તેમણે કહ્યું, રાજ્યમાં અન્ય ચાર રેટિંગ લૅબોરેટરી સ્થાપવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

. . . . . . . . . . .

# RAJKOT HIGHWAY

રાજકોટમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગથી નવાગામ-આણંદપર એપ્રોચ રોડ પરનો  આર્ચ ટાઈપ માઈનર બ્રિજ ભારે વાહનો માટે બંધ કરાયો છે. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ કરેલા આદેશમાં જણાવાયું છે કે, આ

બ્રિજની સ્થિતિ ખરાબ હોવાથી ભારે વાહનોની અવર-જવર માટે જોખમી બની શકે છે. જેથી તેને બંધ કરી વૈકલ્પિક માર્ગ જાહેર કરાયો છે. તે અંતર્ગત રાજકોટથી નવાગામ-આણંદપર ગામ તરફ જતા ભારે વાહનો રાજકોટ-કુવાડવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સોખડા સાત હનુમાન ફ્લાય ઓવર બ્રિજ નીચેથી નવાગામ તરફ જઈ શકશે. જ્યારે નવાગામ આણંદપરથી કુવાડવા તરફ જવા માટે નવાગામથી રાજકોટ-કુવાડવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરફ જઈ શકાશે.

. . . . . . . . . . .

# RAIN OVERALL

રાજ્યમાં વરસાદનું જોર સતત ઘટી રહ્યું છે ત્યારે આજે બપોરે 12 વાગ્યા સુધીમાં રાજ્યના 27 તાલુકામાં સામાન્ય વરસાદ થયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 64 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. તો અત્યાર સુધીમાં રાજ્યના 29 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. જ્યારે સરદાર સરોવર નર્મદા નિગમ યોજના કુલ સંગ્રહ ક્ષમતાના 78 ટકા જેટલી ભરાઈ ગઈ છે.

બીજી તરફ, અરવલ્લી જિલ્લામાં ફરી વરસાદી માહોલ જામ્યો છે. વધુ માહિતી અમારા પ્રતિનિધિ પાસેથી....

**(V/C- ANKIT CHAUHAN, PTC, ARVALLI)**

. . . . . . . . . . .

# MEHSANA BANK ELECTION

મહેસાણા અર્બન સહકારી બેન્કના આઠ ડિરેક્ટર પદના 26 ઉમેદવારો માટે 150 કેન્દ્ર પર મતદાન થયું. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, એક લાખ સાત હજાર જેટલા સભાસદોમાંથી 49 હજાર 459 સભ્યોએ ગઈકાલે મતદાન કરતાં કુલ મતદાન 46 ટકા જેટલું રહ્યું.

રાજ્યની બીજા ક્રમાંકની આ સહકારી બેન્કની ચૂંટણીમાં ત્રિ-પાંખિયો જગ જોવા મળ્યો. દરમિયાન વિશ્વાસ પૅનલના ડી. એમ. પટેલની પૅનલનો 12 હજાર મતની સરસાઈથી આઠ ડિરેક્ટર્સનો વિજય થયો. હવે આઠ ઑગસ્ટે સાર્વજનિક ભવન ખાતે આ ડિરેક્ટર્સની વરણી કરાશે.

. . . . . . . . . . .